## ડિવાઇન જુનિયર પ્રિસ્કુલ માં ફ્રી ડેન્ટલ ચેકઅપ કેમ્પ નું આયોજન



ગાંધીનગર, તા.૨૬

સેક્ટર ૫ ની પ્રખ્યાત ડિવાઈન જુનિયર પ્રિસ્કુલ માં બાળકો માટે ફ્રી ડેન્ટલ ચેકઅપ નું આયોજન કરવામાં આવેલ. જેમાં સરગાસણ ના પ્રખ્યાત બ્લીસ ડેન્ટલ ક્લિનિક માંથી ડૉ. અવની શર્મા એ બાળકોને દાંતની સફાઈ અને જાળવણી વિષે જ્ઞાન આપ્યું હતું. ડૉક્ટર તરફ થી દરેક બાળકને એક ટૂથબ્રશ ભેટ માં આપવામાં આવ્યો હતો. આ ફ્રી કેમ્પ કરીને ડૉ. અવની શર્મા એ પોતાના સેવાભાવી સંસ્કાર ઉજાગર કર્યા હતા. આવા અવનવા આયોજન કરીને આ સંસ્થા ના સ્થાપક શ્રીમતી ગીરા ચૌધરી શિક્ષણ ની સાથે સાથે સામાજિક સેવા નું એક ઉમદા ઉદાહરણ પૂરું પડી રહ્યા છે.



શનિવારે જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ની ઉચ્ચતર વિભાગ નો એક દિવસીય પ્રવાસ સાયન્સ સીટી ખાતે યોજાયો હતો. શાળાના આચાર્યા બેન રમીલાબેન ચૌધરી ની રાહબરી હેઠળ સંચાલન રંજનબેનચૌધરી તથા દિપાલીબેન તન્નાએ કર્યું હતું.



સ્વામિનારાયણ સે - ૨ ની સામે થાભલો ભુવાનાં કારણે માર્ગ પર પડી ગયો હતો.વરસાદી વાતાવરણ માં ભૂવાઓ નું રાજ યથાવત છે જેમાં એક મોટો ભૂવો સેક્ટર ૨ ખાતે પડ્યો હતો જેમાં વીજ થાંભલો પડી ગયો હતો પરંતુ કોઈ વ્યક્તિ ની અવર જવર ન હોવાથી જાનહાની થઈ નહોતી.

# અડાલજ શનિદેવ મંદિર પાસેથી બે ટેન્કર ચોરી કરનાર શખ્સ ઝડપાયો

**કલોલ શહેરી વિસ્તારમાંથી બે ટેન્કરની ચોરી કરી હતી, એલસીબી પોલીસે રૂ.૪લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો**

ગાંધીનગર, તા.૨૬

કલોલ શહેરી વિસ્તારમાંથી ટ્રેક્ટર દ્વારા ચોરી કરવામાં આવેલા બે ટેન્કર સાથે એક શખ્સને અડાલજ શનિદેવ પાસેથી એલસીબી પોલીસે દ્વારા પકડી પાડવામાં આવ્યો છે. પોલીસે ચોરી થયેલા બે ટેન્કર, ચોરીના ઉપયોગમાં કામ આવેલુ ટ્રેક્ટર અને મોબાઈલ મળી કુલ રૂ. ૪ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેર-જિલ્લામાં વધી રહેલા વાહન ચોરીના ગુનાઓ અટકાવવા અને શોધી કાઢવા માટે રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા જરુરી સુચના આપવામાં આવતા એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ, હેકો. વિજયસિંહ, રતનસિંહ, પો.કો. ગોવિંદભાઈ નાઈટ પેટ્રોલીગમા હતા. તે સમયે ચોકકસ બાતમી મળી હતી કે એક શખ્સ



જેને શરીરે મરૂણ કલરનો શર્ટ તેમજ કાળા કલરનું પેન્ટ પહેર્યું છે. તે અડાલજ શનિદેવ મંદિર પાસે એક લાલ કલરનું ટ્રેક્ટર નં. જી. જે. ૧૮. એ. આર. ૩૩૯૩ લઈને ઉભો રહ્યો છે. જયારે કલોલ શહેરમાં ચોરી કરેલા પાણીના બે ટેન્કર પૈકી એક ટેન્કર ટ્રેક્ટર સાથે જોડીને ઉભો છે. જેથી એલસીબીની ટીમે તાત્કાલીક બાતમીવાળી જગ્યાએ જઈ ઈશ્વર કાંતિભાઈ વણઝારા (રહે ગામ- સઈઝ રેલ્વે ક્રોંસીગ પાસે ધાનજ રોડ તા કલોલ) ને ટ્રેક્ટર અને સાતે ટેન્કર જોડેલ હતુ જયારે બીજી ટેન્કર સાઈડમાં મુકી હતી. ત્યારે પોલીસે પકડેલા શકમંદને ટ્રેકટર અને બે ટેન્કર અંગે પુછપરછ કરતા ટ્રેકટર સંબંધીનું હોવાનું જણાવ્યુ હતું. જયારે ટેન્કર અંગે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો. જેથી પોલીસે વધુ તપાસ કરતા તેણે ટેન્કર ચોરીની હોવાની કબુલાત કરી હતી. ટ્રેક્ટર સાથે હાલ જે ટેન્કર જોડેલ છે. તે ટેન્કર આજથી પોણા બે માસ પહેલા કલોલ શારદા સર્કલ નજીક બગીચા પાસે રસ્તાનું કામ ચાલી રહ્યું છે. ત્યાંથી રાત્રીના સમયે ટ્રેકટર લાવી આ ટેન્કર તેની સાથે જોડીને ચોરી કરી લઈ ગયો હતો. જયારે દશ દિવસ પહેલા કલોલ પંચવટી હનુમાનજી મંદિર નજીક સ્વસ્તિક સોસાયટી પાસે રસ્તાનું કામ ચાલુ છે ત્યાંથી રાત્રીના સમયે ટ્રેકટર લઈને આવી પડી રહેલ ટેન્કર લઈ જતો રહ્યો હતો. પોલીસે ટ્રેકટર, બે ટેન્કર, મોબાઈલ ફોન મળી કુલ રૂ.૪,૦૫,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ ૧૫ દિવસ માટે વિદેશ ગયા છે.

● મનપાના ડે. મ્યુનિ. કમિશનર ત્રિવેદીસાહેબને ''દાદા'' તરીકેની સામાજિક બઢતી મળી છે.

● દહેગામ તાલુકામાં ડેન્ગ્યુના દર્દીઓ વધ્યા હોવા છતાં તંત્ર ''સબ સલામત''ના નારા પોકારવામાં વ્યસ્ત.

● દહેગામ મામલતદાર કચેરીમાં ફરી એકવાર ફોલ્ડરીયારાજ તંત્ર પર હાવી થતાં મુલાકાતીઓની પરેશાની વધી.

● રાજ્ય સરકારે આજે છુટા છવાયા સનદી અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.

● મતદારયાદીના જિલ્લાના નિરીક્ષક તરીકે કે.કે. નિરાલાની નિયુક્તી કરવામાં આવી છે.

● ગાંધીનગર શહેરમાં આજે ૧૪૯૦ લોકને કોરોના વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

● ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો દ્વારા સાહિત્ય અકાદમીના નવનિયુક્ત અધ્યક્ષ ભાગ્યેશ જહાનું અભિવાદન કર્યુ હતુ.

● ગાંધીનગર મહાનગર પાલિકામાં પ્લાસ્ટીક બોટલના વેસ્ટના નિકાલ માટે મુકેલ મશીન છેલ્લા સપ્તાહથી બંધ પડ્યુ છે.

● વાવોલમાં આવેલી એમ.બી. પટેલ સાર્વ. વિદ્યાલયમાં હર ઘર ત્રિરંગા અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયુ હતુ.

● સે. ૨૦ની સરકારી પ્રા. શાળામાં જલિયાણા સેવા ગૃપ દ્વારા બાળકોને સ્કૂલ બેગ આપવામાં આવી હતી.

## અસ્થિર મગજની માતા-બાળકની સંભાળ લેતા સિવિલના કર્મચારીઓ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સિવિલમાં હાલના સમયે મંદબુધ્ધિ અને અસ્થિર મગજની મહિલાએ બાળકને જન્મ આપ્યો છે. કોઈ નરાધમે પોતાની હવસ સંતોષવા માટે અસ્થિર મગજની મહિલાને શિકાર બનાવી હતી. ત્યારે હાલ સિવિલ હોસ્પિટલના સ્ટાફના કર્મચારીઓ માતા-બાળકની સંભાળ લઈ રહ્યા છે. મળતી વિગત મુજબ ગાંધીનગર હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી મંદબુધ્ધી અને અસ્થિર મગજની માતા પોતાની સંભાળ રાખી શકતી નથી. તે જગ્યાએ બાળકની સંભાળ કેવી રીતે લઈ શકે. ત્યારે સ્ટાફના કર્મચારીઓ બાળક અને માતાની દેખરેખ રાખી રહ્યા છે. કર્મચારીઓએ પૈસા ઉઘરાવી બાળક માટે જરુરી કપડા પણ લાવ્યા છે. ત્યારે સિવિલ સ્ટાફના કર્મચારીઓ પરિવારની જેમ તેની સંભાળ રાખી હુંફ પુરી પાડી રહ્યા છે. કેટલાક કર્મચારી પોતાના ઘરેથી પૌષ્ટીક જમવાનું પણ બનાવી લાવી શાંતિ થી જમાડે છે.

ત્યારે સિવિલ વિભાગના તંત્ર પણ હવે ચિંતિત બન્યું છે કે બાળક હાલ સારવાર હેઠળ છે તે સ્વસ્થ થયા પછી રજા પણ આપવામાં આવે તો મા-બાળક ક્યાં જશે તેની ચિંતા પણ તંત્રને સતાવી રહી છે.

## ગાંધીનગર દેશીદારુના અડ્ડાઓ પર પોલીસ ત્રાટકી

ગાંધીનગર, તા.૨૬

રાજયના બોટાદ જિલ્લામાં સર્જાયેલા લઠ્ઠાકાંડની ઘટનાના પડઘાની ગુંજની અસર દરેક જિલ્લામાં પડી છે. ત્યારે ગાંધીનગર પોલીસ તંત્રની ટીમે ગતરોજ સાંજથી દેશી દારૂના અડ્ડાઓ પર તવાઈ બોલાવવામાં આવી હતી. શહેરમાં દેશીદારુનો નાના પાયે વેપાર કરતા બુટલેગરો પણ ગાયબ થઈ ગયા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પોલીસની વિવિધ ટીમો દ્વારા ઠેરઠેર દરોડા પાડી દેશી દારુની ગેરકાયદેસર પ્રવૃતિ બંધ કરાવી કેસ કરવામાં આવી રહ્યા છે. જેથી શહેરમાં દેશી દારુ વેચતા બુટલેગરો પણ દારુ વેચવાની પ્રવૃતિ પર રોક લગાવી દીધી છે. ત્યારે આજે શહેરના વિવિધ વિસ્તારોમાં પોલીસ ટીમો દ્વારા દરોડા પાડી દેશીદારુની પ્રવૃતિ કરતા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## જાણીતા લોકગાયક રતનસિંહ વાઘેલાનું વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ, લંડન દ્વારા સન્માન

ગાંધીનગર, તા. ૨૬

જાણીતા લોકગાયક તથા ઘણીબધી ગુજરાતી ફિલ્મોમાં ભૂમિકા ભજવનાર તથા તેમના ભાતીગળ ગરબા તથા આરતી જગમશહૂર બનેલ તેવા લોકગાયક રતનસિંહ વાઘેલાનું તા. ૨૫-૭-૨૨ના રોજ લીંડી, તા. ઉંઝા, જી. મહેસાણા ખાતે સતત ૩૧ વર્ષ સુધી એક જ ગામમાં, એક જ સ્ટેજ પરથી સતત ગરબાનાં કાર્યક્રમ કરવા માટે તથા લોકગાયન ક્ષેત્રે તેમણે આપેલ યોગદાન બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ, લંડન દ્વારા 'એકસલન્સ એવોર્ડ' સંસ્થાનાં ગુજરાતનાં અધ્યક્ષ જાણીતા એડવોકેટ ડૉ. અશ્વિન ત્રિવેદી દ્વારા ગ્રામજનો તથા જાણીતા લોકગાયક જીગ્નેશ કવિરાજ તેમજ ગુજરાત બાર કાઉન્સિલનાં પૂર્વે વાઈસ ચેરમેન તથા સભ્ય શંકરસિંહ ગોહિલ તથા ગાંધીનગર જિલ્લાનાં મુખ્ય સરકારી વકીલ હિતેશ રાવલ તેમજ ગાંધીનગર બાર એસોસિયેશનનાં પૂર્વ પ્રમુખ જગદિશસિંહ વાઘેલા તથા જાણીતા કલાકારોની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ખૂબજ મોટી સંખ્યામાં લીંડી ગામનાં ગ્રામજનો તથા સરપંચ આર.એમ. પટેલ તથા અગ્રણીઓ ઉપસ્થિત રહી રતનસિંહ વાઘેલાને સતત ૩૧ વર્ષ સુધી ગામમાં એક જ સ્ટેજ પર ગરબા કરવા બદલ સન્માન કરી શુભેચ્છા પાઠવી હતી. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડનનાં ચેરમેન વિલીયમ ચેજલર તથા ભારતના અધ્યક્ષ સંતોષ શુકલાએ રતનસિંહ વાઘેલાને શુભેચ્છા પાઠવી હતી.

**રાજયના તમામ જિલ્લામાં**

## તમાકુ નિયંત્રણ કાર્યક્રમ એમઆઈએસ સિસ્ટમ અંગે વેબીનાર દ્વારા ટ્રેનીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત રાજયમાં ફેઈથ ફાઉન્ડેશન સંસ્થા વ્યસન મુકિત ક્ષેત્રે છેલ્લા ૧૭ વર્ષથી કાર્યરત છે. ગુજરાત રાજયમાં વડોદરા શહેર, વડોદરા જિલ્લો, તમાકુ નિયંત્રણ કમિટીના સભ્ય પણ છે.

રાજયના તમામ જિલ્લામાં આરોગ્ય વિભાગ જિલ્લા પંચાયત સાથે સંકલનમાં રહીને તમાકુ નિયંત્રણ ક્ષેત્રે કામ કરતી અગ્રણી સંસ્થા છે. સ્ટેટ ટોબેકો કંટ્રોલ સેલ, ધ યુનિયન અને ફેઈથ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે તમાકુ નિયંત્રણ કાર્યક્રમના રેપોર્ટીગ સિસ્ટમ એમઆઈએસ સિસ્ટમથી વેબીનાર દ્વારા ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.આ વેબીનારમાં ડો.રાણા સિંઘ, (ડેપ્યુટી રીજઓનલ ડાયરેકટર, ધ યુનિયન દિલ્લી) મિસ પુજા ગુપ્તા (કન્સલ્ટેંટ પોલીસી એન્ડ રીસર્ચ, એનટીસીપી, એમઓએચ દિલ્લી), ડો.મુકેશ પટેલ (સ્ટેટ નોડલ ઓફિસર ગુજરાત), મિસ સુજન સેમસન (પ્રોગામ ડાયરેકટર ફેઈથ ફાઉન્ડેશન), ડો.પુનિત ચાહર (ધ યુનિયન દિલ્લી) દ્વારા એમઆઈએસ સિસ્ટમમાં રાજય અને જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ દ્વારા કરવામાં આવ્યું છે. જયારે કામગીરીનું રીપોર્ટીગ એમઆઈએસ સિસ્ટમમાં કેવી રીતે માહિતી નાંખવી તેના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ વેબીનારમાં રાજયના બધા જ જિલ્લાના જિલ્લા તમાકુ નિયંત્રણ સેલમાં ફરજ બજાવતા એપેડેમિક મેડીકલ ઓફિસર, સોશ્યલ વર્કર અને કાઉન્સિલરને વેબીનાર દ્વારા ટ્રેનીંગ આપવામાં આવી હતી.

## દીકરીના ઘરે ગયેલી આ મહિલા કોઈને કહ્યા વગર ગાંધીનગર બસમાં બેસી આવી ગયા હતા

**જૂનાગઢ જિલ્લાના તાલાલા તાલુકાના ઘુસિયા ગામની ૬૫ વર્ષીય માનસિક અસ્થિર મહિલાને ગાંધીનગર સખી- વન સ્ટોપે પરિવાર સાથે મિલાપ કરાવ્યો**

ગાંધીનગર

માનસિક રીતે અસ્થિર ૬૫ વર્ષીય મહિલાને માત્ર ચાર દિવસમાં તેના પરિવાર સાથે ગાંધીનગર જિલ્લાના સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા મિલાપ કરી આપવામાં આવ્યો છે. આધેડ વયની મહિલા અંગેની જાણ થતાં જ પરિવારમાં ખુશીની લહેર દોડી ગઈ હતી.

ગીર- સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકાના ઘુસિયા ગામમાં માનસિક રીતે સામાન્ય અસ્થિર ૬૫ વર્ષીય મહિલા રહે છે. તેઓ થોડાક દિવસ અગાઉ પોતાની કેશોદ તાલુકાના હાટીમાળિયા ગામ ખાતે રહેતી દીકરીના ઘરે ગયા હતા. ત્યાં તેમને દીકરી અને જમાઇ સાથે કોઇ વાતે નારાજગી થઇ ગઇ હતી. જે વાતને લઈ આ આધેડ મહિલા કોઈને કહ્યા વગર દીકરીનું ઘર છોડી ચાલી નીકળ્યા હતા. બસ સ્ટેન્ડ જઇ ગાંધીનગર આવતી બસમાં બેસી ગયા હતા.

ગાંધીનગરમાં કોઇ સજ્જન નાગરિક દ્વારા અભયમ મહિલા હેલ્પલાઇન પર મહિલાની જાણ કરી હતી. જેથી અભયમૂ મહિલા પોલીસ કર્મીઓ દ્વારા તા. ૨૪મી જૂનના રોજ મહિલાને ગાંધીનગર ખાતે પરખ ટ્રસ્ટ સંચાલિત સખી – વન સ્ટોપ સેન્ટર ખાતે લાવવામાં આવી હતી. આ મહિલાને સેન્ટર ખાતે નવડાવી, નવા કપડાં પહેરાવી અને જમાડવામાં આવી હતી. ત્યાં બીજા દિવસે બપોરે તેમનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. જે દરમ્યાન આ આધેડ વયની મહિલા સામાન્ય માનસિક અસ્થિરતા ધરાવતા હોવાનું માલૂમ પડયું હતું.

મહિલા પાસેથી એક મોબાઇલ નંબર મળી આવ્યો હતો. જેના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. મહિલા પાસેથી મળેલ મોબાઇલ નંબર ગીર-સોમનાથ જિલ્લાના તાલાલા ઘુસિયા ગામના પાડોશી ગામના સરપંચનો હતો. જેમની પાસેથી ઘુસિયા ગામના સરપંચનો નંબર મેળવી તેમની સાથે વાત કરવામાં આવી હતી. આધેડ મહિલા આ જ ગામના હોવાનું માલૂમ પડયું હતું.

આધેડ મહિલાના પરિવારનો નંબર મેળવી તેમની સાથે વાત કરતા પરિવારજનો ખુશ થઇ ગયા હતા. ગાંધીનગરના સખી- વન સ્ટોપ સેન્ટરના સ્ટાફ દ્વારા ગીર- સોમનાથના સખી – વન સ્ટોપ સેન્ટર પર આ મહિલાને લઈ જવામાં આવી હતી. ત્યાં પરિવાર સાથે તેમનું સુખદ મિલન થયું હતું.

## ગાયત્રી વિદ્યામંદિર લીહોડા ખાતે વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૬

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત કારગીલ વિજય દિવસની ઉજવણીરૂપે દહેગામ તાલુકાના લીહોડા ખાતે આવેલી શ્રી ગાયત્રી વિદ્યામંદિરમાં વિદ્યાર્થીઓ દ્વારા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તૃત્વ સ્પર્ધામાં કારગીલ યુદ્ધના કારણો તે સમયની ઘટનાઓ અને તેના પરિણામો વિશે રજૂ કરવામાં આવી હતી. રાષ્ટ્રભક્ત પ્રધાનમંત્રી સ્વ. અટલબિહારી બાજપાઈની વિચક્ષણ, બુદ્ધિ, હિંમતથી કારગીલ યુદ્ધમાં વિજય મેળવી રાષ્ટ્રની રક્ષા કરાઈ હતી. ભારતે ૨૬મી જુલાઈના રોજ વિજય મેળવી ૧૧૧ દિવસ ચાલેલા યુદ્ધમાં ભારત દેશની ત્રણેય પાંખોના દળોએ અનોખી વ્યૂહરચના અને શૌર્ય સાથે વિજય મેળવ્યો હતો.

## સાદરા સંકુલમાં કારગીલ વિજય દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૬

સાદરાના બી.એ. એમ.એ. વિભાગના સરદાર ઉપાસના મંદિરમાં કારગીલ વિજય દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શનથી આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના એકમના નેજા હેઠળ પ્રાધ્યાપક ડૉ. બળદેવ મોરીએ કારગીલ યુદ્ધની ઘટના વિશે સુંદર, ઐતિહાસિક બાબતોના ઉલ્લેખ કર્યો હતો. રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુંએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## દહેગામ ખાતે વીજળી મહોત્સવ અંતર્ગત ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્યનો કાર્યક્રમ યોજાયો

**આ કાર્યક્રમ થકી સોલાર પંપ, વન નેશન વન ગ્રીડ, પુનઃ પ્રાપ્ય ઉર્જા પર ટુંકી ફિલ્મ રજૂ કરીને ઉપસ્થિત સૌને વીજ ક્ષેત્રે ભારત દેશ કયાં છે, તેની વિસ્તૃત માહિતી અપાઇ**



ગાંધીનગર

ભારત સરકારના ઉર્જા મંત્રાલય અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે દહેગામ ખાતે વીજળી મહોત્સવ અંતર્ગત ઉજજવલ ભારત ઉજ્જવલ ભવિષ્યનો કાર્યક્રમ ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ થકી વીજ ગ્રાહકોના અધિકાર અંગેની માહિતી, બિન પરંપરાગત ઉર્જાના સ્રોત્રથી આપણી વીજ ઉત્પાદન ક્ષમતા અંગેની, વન નેશન વન ગ્રીડ, પુનઃપ્રાપ્ય ઉર્જા અંગેની વિસ્તૃત માહિતી ટૂંકી ફિલ્મ દર્શાવીને આપવામાં આવી હતી. આ પ્રસંગે દહેગામ તાલુકાના દિન દયાલ ઉપાધ્યાય ગ્રામ જયોતિ યોજના, ઝૂપડ્ડી યોજના, સૂર્ય શક્તિ કિસાન યોજના, સોલાર રૂટ કોપ યોજનાના ૭ લાભાર્થીઓને વીજ કનેકશન આપવામાં આવ્યા હતા.

કાર્યક્રમના આરંભે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત યુ.જી.વી.સી.એલ, સાબરમતીના મુખ્ય ઈજનેર શ્રી આર.ડી.ઝાલા કર્યુ હતું. તેમજ કાર્યક્રમના અંતે આભાર વિધી યુ.જી.વી.સી.એલ. ગાંધીનગર (ગ્રામ્ય)ના એચ. જે. કંદોઈએ કરી હતી.

## નરોડા-હિંમતનગર હાઈવેથી મેદરા ગામ જવાના રસ્તા પર પાણી ભરાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના ચિલોડા મોટાથી રીંગરોડ સુધી સીક્સ લાઈન રોડ અને ઓવરબ્રીજ તથા સર્વિસ રોડની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે નરોડા-હિંમતનગર હાઈવેથી વલાદ-આધાર શિલા સ્કૂલથી મેદરા ગામે જવાના રસ્તા ઉપર છેલ્લા પાંચ દિવસથી વરસાદી પાણી ભરાતાં આમજનતા તથા ખેતરોમાં જવા માટે ખેડૂતોને પારાવાર ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. જેમાં લીંબડીયાના પૂર્વ સરપંચ હર્ષદભાઈ પટેલના જણાવ્યા મુજબ દર વર્ષે ચોમાસામાં નેશનલ હાઈવેની બેદરકારીથી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે ભારે હાલાકી નાગરિકો વેઠી રહ્યા છે. પરિણામે લાગતા વળગતા તંત્રએ પાણીના ભરાવાના નિકાલની સુચારુ વ્યવસ્થા યુદ્ધના ધોરણે કરે તેવી માંગ પ્રવર્તી રહી છે.

નए समाज की ओर
Towards a new dawn
आज़ादी का अमृत महोत्सव

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.
મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર
દ્વારા આયોજિત



શક્તિ મેળો
The Power of Women's Economy



મહિલાઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ સહ પ્રદર્શન

તારીખ : ૨૩-૦૭-૨૦૨૨ થી ૨૯-૦૭-૨૦૨૨
સ્થળ:,લગ્નવાડી હોલ, સેક્ટર -૭, ગાંધીનગર

મેળા નો સમય : સવારે ૧૦:૦૦ થી રાત્રે ૧૦.૦૦ સુધી

કોવીડ-૧૯ ના સરકારશ્રીના નિયમો ના પાલન સાથે મહિલા ઉદ્યમીઓ ને રોજગારી આપવાના હેતુથી આયોજિત | એક ડગલું આત્મનિર્ભરતા તરફ | વોકલ ફોર લોકલ

મેળાઓમાં ભાગ લેવા માટે http://mela.gwedc.gov.in/index.aspx પોર્ટલ પર રજીસ્ટર કરવું

માહિતી/૮૯૫/૨૨-૨૩